આપઘાત કરનારનો મૃતદેહ 4 દિવસ બાદ આખરે સાસરિયાઓએ સ્વીકાર્યો

22 વર્ષીય યુવતીએ ઉમિયાધામમાં આપઘાત કર્યો હતો

સાસરિયા અને પિયર પક્ષ બંનેએ મૃતદેહ લેવાનો ઇન્કાર કરી દીધો હતો

પોલીસની સમજાવટ બાદ બે વર્ષની દીકરીને પણ જેઠે સ્વીકારી લીધી

સુરતઃ ભાવનગરની રીના બારૈયાએ વરાછા સ્થિત ઉમિયાધામ અતિથિ ગૃહમાં પોતાની દોઢ વર્ષની માસૂમ પુત્રી હીરવાની નજર સામે જ ઝેર પીને જીવન ટુંકાવ્યું હતું. આ ઘટના બાદ અશ્વિનીકુમાર પોલીસની ભારે જહેમતને અંતે ચોથા દિવસે રીનાના જેઠે તેનો મૃતદેહ સ્વીકાર્યો છે. આ સાથે જ તેમણે દોઢ વર્ષની દીકરી હીરવાને પણ અપનાવીને તેને માતા-પિતાની છત્રછાયા પૂરી પાડી છે.

મળતી માહિતી મુજબ ગત તા.૧૬/૦૬/૨૦૨૬ના રોજ વરાછા એ.કે.રોડ પર આવેલા ઉમિયા માતા મંદિરના અતિથિ ગૃહના એક રૂમમાં માસૂમ બાળકી હીરવા (ઉં.વ.૧.૫ વર્ષ) સામે જ કોઈ ઝેરી દવા પી જતાં તેનું મોત થયું હતું. દુઃખદ બાબત એ હતી કે બાળકીના પિતાનું પણ ચાર મહિના પહેલાં જ અવસાન થઈ ચૂક્યું હતું. માતાના મોત સાથે જ માત્ર ૧૮ મહિનાની નાની બાળકી દુનિયામાં સાવ એકલી થઈ ગઈ હતી.

આવી અત્યંત વિકટ અને હૃદયદ્રાવક પરિસ્થિતિમાં અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશનના સ્ટાફે તાત્કાલિક સંવેદનશીલતા દાખવી હતી. પોલીસે બાળકીની કાયદાકીય પ્રક્રિયાની સાથે માનવતાની ભાવનાથી આગળ વધી જવાબદારી ઉપાડી લીધી હતી. પોલીસ ટીમે બાળકી માટે ખોરાક, દૂધ, કપડાં અને તાત્કાલિક આરોગ્ય તપાસની વ્યવસ્થા કરી હતી. માસૂમ બાળકીને સાંત્વના આપી તેની સંપૂર્ણ સારસંભાળ રાખી હતી. બાળકીના ભવિષ્યને ધ્યાનમાં રાખીને, જ્યાં સુધી તેના કોઈ કાયદેસરના વાલી-વારસ ન મળે ત્યાં સુધી તેને સુરક્ષિત રીતે 'બાળ શિશુગૃહ'માં આશ્રય અપાવ્યો હતો.

પોલીસના સતત પ્રયાસો અને તપાસ બાદ આજે તા.૨૦/૬/૨૦૨૬ના રોજ બાળકીના મોટા પપ્પા એવા બટુકભાઈ બાબુભાઈ બારૈયા સામે આવ્યા હતા. તેમણે માસૂમ હીરવાને દત્તક લઈ તેના ભવિષ્યની અને ઉછેરની સંપૂર્ણ કાયદાકીય જવાબદારી સ્વીકારતા પોલીસે કાર્યવાહી કરી બાળકીનો કબજો તેમને સોંપ્યો હતો.

બીજા માળે પાણીની લાઇન તૂટી જતાં ફાસ્ટ ટ્રેક કોર્ટ બિલ્ડિંગમાં પાણી ફરી વળ્યું

સુરતઃ શનિવારે સવારે ૧૧ વાગે ફાસ્ટ ટ્રેક કોર્ટના દાદરથી લઈને પેસેજમાં પાણી ફરી વળ્યુ હતું. બીજા માળે બાથરુમની પાણીની લાઈન તૂટી જતા આ પાણીનો ધોધ છેક ગ્રાઉન્ડ સુધી પહોચતાં વકીલો દોડતા થયાં હતા. આ અંગે એડવોકેટ મુકેશ મુથાએ જણાવ્યું હતુ કે તેમનું ટેબલ એફટીસી બિલ્ડીંગનાં ગ્રાઉન્ડ ફ્લોર પર છે. અચાનક પાણી ફરી વળતાં આ પાણી કયાંથી આવે છે તે જોવા ઉપરના ફ્લોર પર જતા બીજા માળે બાથરુમની પાણીની લાઈન(નળવાળો ભાગ) તૂટીને પાણી વહી રહ્યું હતું. આ અંગે તુરંત તેમણે રજિસ્ટાર અને નાઝરને જાણ કરી હતી. ત્યારબાદ પીડબલ્યુડી વિભાગે આવીને કામગીરી શરૂ કરી દઈ પાણી અટકાવ્યું હતું. પરંતુ અડધા કલાકમાં તો ગ્રાઉન્ડ ફ્લોરનો આખો પેસેજ પાણીથી ભરાઈ ગયો હતો. સફાઈ કર્મીઓએ આવીને પાણીનો નિકાલ કરી સાફસફાઈ કરી હતી. આ સમય દરમિયાન કોર્ટનું નિર્ધારિત કામ ચાલું રહ્યું હતું. પક્ષકારો અને વકીલોને થોડો સમય પરેશાન થવું પડ્યું હતું.

ફાધર્સ ડે: 39 અનાથ અને સિંગલ પેરેન્ટ બાળકોનાં પિતા

25 વર્ષથી નિઃસ્વાર્થ સેવામાં સમર્પિત જીવન, દીકરીઓના શિક્ષણથી લઈને લગ્ન સુધીની જવાબદારી નિભાવી રહ્યા છે

સુરતઃ દર વર્ષે જૂન મહિનાના ત્રીજા રવિવારે ઉજવાતો ફાધર્સ ડે પિતાના પ્રેમ, ત્યાગ અને સમર્પણને સલામ કરવાનો દિવસ છે. પિતા પરિવારનો એવો આધારસ્તંભ છે, જે પોતાના સંતાનોના ભવિષ્ય માટે જીવનભર સંઘર્ષ કરે છે. સુરત શહેરમાં પણ એક એવા પિતા છે, જેઓ માત્ર પોતાના સંતાનો માટે જ નહીં, પરંતુ 39 અનાથ, પિતા વિહોણી અને સિંગલ પેરેન્ટ પરિવારોની દીકરીઓ તથા અન્ય બાળકો માટે પણ પિતાની ભૂમિકા નિભાવી રહ્યા છે.

સુરતના રૂસ્તમપુરા વિસ્તારમાં રહેતા જયેશ માણેકલાલ ચૌહાણ (જયરૂપભાઈ) છેલ્લા 25 વર્ષથી આવા બાળકોના ઉછેર, શિક્ષણ અને ભવિષ્યની સંપૂર્ણ જવાબદારી સંભાળી રહ્યા છે. તેઓ પોતાના એનજીઓ મારફતે 6 થી 16 વર્ષની ઉંમરની દીકરીઓને સુરક્ષિત આશ્રય, શિક્ષણ અને પરિવાર જેવી લાગણી આપી રહ્યા છે. આજે આ તમામ બાળકો તેમને પોતાના પાલક પિતા તરીકે માને છે.

જયરૂપભાઈ જણાવે છે કે તેમની આ સફરની શરૂઆત વર્ષ 2000માં થઈ હતી. ત્યારે તેમને શહેરના ફૂટપાથ પરથી ચાર અનાથ બાળકો મળ્યા હતા. બાળકોની પરિસ્થિતિ જોઈ તેઓ ખૂબ ભાવુક બન્યા અને તેમની જવાબદારી સ્વીકારવાનો નિર્ણય કર્યો. પાલક પિતા તરીકેની જવાબદારી નિભાવતા જયરૂપભાઈએ છેલ્લા 25 વર્ષમાં 12 દીકરીઓના લગ્ન કરાવી તેમના કન્યાદાનનું પુણ્ય કાર્ય પણ કર્યું છે. તેઓ કહે છે કે જ્યારે કોઈ દીકરી પોતાના નવા જીવનની શરૂઆત કરવા વિદાય લે છે, ત્યારે એક પિતા તરીકે લાગણીઓ શબ્દોમાં વ્યક્ત કરવી મુશ્કેલ બની જાય છે. આ ક્ષણો તેમના જીવનની સૌથી મોટી સંપત્તિ છે. તેઓ આ સેવા માટે ભગવાનનો આભાર માને છે કે તેમને આવા ભગીરથ કાર્ય માટે પસંદ કરવામાં આવ્યા.

ટ્રેક ક્રોસ કરતી વખતે પતંગનો માંજો વાયરના સંપર્કમાં આવતાં મજૂરને કરંટ લાગ્યાની આશંકા

સુરતઃ ગઈ તા. 15 જૂનના રોજ સવારે ઉધના રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં. 2-3થી પ્લેટફોર્મ નં. 6 તરફ રેલવે ટ્રેક ક્રોસ કરતાં કોન્ટ્રાક્ટર પરના પાર્સલ હમાલ જગરામ (ઉં.વ.45)ને વીજ કરંટ લાગતા તે ગંભીર રીતે દાઝી ગયો હતો. ઘટના બાદ તરત મજૂર જગરામને રેલવે સ્ટાફ દ્વારા 108 એમ્બ્યુલન્સ મારફતે સુરત સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સ્થિતિ હાલ સ્થિર અને ભયમુક્ત છે. સ્ટેશન ડેવલપમેન્ટના ચાલુ કામકાજ દરમિયાન બેદરકારીના કારણે મજૂરને કરંટ લાગ્યો હોવાની વાતને રેલવે પ્રશાસને નકારી કાઢી છે. રેલવે સૂત્રોએ સીસીટીવી ફૂટેજના આધારે જણાવ્યું છે કે ઘટના સમયે ઘટના સ્થળે કોઈ કોન્ટ્રાક્ટર દ્વારા કોઈ ડેવલપમેન્ટનું કામ ચાલી રહ્યું નહોતું. પીડિત કોઈ કામ કરવાને બદલે માથા પર સામાન મૂકીને ટ્રેક ક્રોસ કરી રહ્યો હતો. દરમિયાન ઘટનાનું સાચું કારણ જણાવતા રેલવેના અધિકૃત સૂત્રોએ જણાવ્યું કે, ઓવરહેડ ઇક્વિપમેન્ટ સિસ્ટમની તપાસમાં કેન્ટીલીવર એસેમ્બલીના GI પાઇપ પર ફ્લેશ માર્ક જોવા મળ્યા છે. આશંકા છે કે કોઈ ધાતુના કોટિંગવાળો પતંગનો દોરો કેન્ટીલીવર અને વાયરના સંપર્કમાં આવતા કરંટ નીચે સુધી પહોંચ્યો હતો. ઘટના બનતાની સાથે જ સર્કિટ બ્રેકર ટ્રિપ થઈ ગયું હતું, જેથી પાવર સપ્લાય તરત જ બંધ થઈ ગયો હતો. ઈજાગ્રસ્તને વિલંબ વગર હોસ્પિટલ પહોંચાડી શ્રેષ્ઠ સારવાર આપવામાં આવી છે.

સચિનમાં નિર્માણાધિન બિલ્ડિંગમાંથી પટકાતાં શ્રમિકનું મોત

સુરતઃ મૂળ રાજસ્થાનના વતની અને હાલ સચિન હોજીવાલા રોલ નંબર-૧૦ પર નવી બંધાતી કન્ટ્રક્શનની સાઈટ પર રહેતા 25 વર્ષીય ઓગા હુરજીભાઈ ડામોરનું ચોથા માળેથી પટકાતા મોત થયું છે. તે ત્યાં સેન્ટિંગ કામ કરી પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતો હતો. ગત ૧૯મીએ રાત્રે તે સાઇટ પર ચોથા માળે સૂતો હતો. દરમ્યાન અકસ્માતે નીચે પટકાયો હતો. સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. આ અંગે વધુ તપાસ સચિન પોલીસ કરી રહી છે.

તાડવાડીના સુંદરનગરમાં યુવતી બાથરૂમમાં ફસાઈ

સુરતઃ રાંદેર તાડવાડી ખાતે સુંદર નગર સોસાયટીમાં બપોરે બાથરૂમનો દરવાજો લોક થઈ ગયો હતો. જેમાં યુવતી તેમાં ફસાઈ જતા ફાયર બ્રિગેડની મદદ લેવી પડી હતી. પ્રાપ્ત જાણકારી મુજબ, બપોરે 1:30 કલાકે તાડવાડી વિસ્તારમાં આવેલી સુંદર નગર સોસાયટીમાં રહેતી 26 વર્ષિય શ્વેતા જેરામ બાથરૂમમાં ગઈ હતી. ત્યારે દરવાજો એકાએક લોક થઈ ગયો હતો. જેથી તેણે બુમાબુમ કરી દેતા પરિવારનાં સભ્યો એ પહેલાં દરવાજાને ઉઘાડવાનાં પ્રયાસો કર્યા હતા. પણ દરવાજો નહીં ખુલતા બાદમાં ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ફાયર ઓફિસર હરેન્દ્ર ભગવાકરનાં જણાવ્યા મુજબ તેમની ટીમે દરવાજો ખોલી તેને સુરક્ષિત બહાર કાઢી હતી.

મેટ્રોને લીધે બંધ સ્ટાર બજાર તરફનો રસ્તો આખરે ખુલ્લો મુકાયો

વાહનચાલકોને લાંબા ચકરાવામાંથી મુક્તિ મળતાં હાશકારો

રસ્તો બ્લોક થવાના કારણે 'સ્ટાર બજાર' પણ બંધ કરવું પડ્યું હતું

સુરતઃ અડાજણના વ્યસ્ત એવા સ્ટાર બજાર તરફ જવાના મુખ્ય માર્ગને મેટ્રોના કન્સ્ટ્રક્શનને લીધે લાંબા સમયથી બેરિકેડ્સ લગાવી બંધ કરી દેવામાં આવ્યો હતો, તેને જીએમઆરસી દ્વારા ફરીથી વાહનવ્યવહાર માટે શરૂ કરી દેવાતાં સ્થાનિકો અને વાહનચાલકોએ મોટી રાહત અનુભવી છે. આ મહત્ત્વનો રસ્તો બંધ હોવાના કારણે આજુબાજુની સોસાયટીના રહીશો તેમજ ત્યાંથી પસાર થતા હજારો લોકોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. લોકોને લાંબો ચકરાવો કાપવો પડતો હતો. સાથે ટ્રાફિક જામની સમસ્યા પણ સર્જાતી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, મેટ્રોની ગોકળગાય ગતિએ ચાલતી કામગીરી અને આ ચોક્કસ રસ્તો સંપૂર્ણપણે બ્લોક થઈ જવાને કારણે માત્ર વાહનચાલકો જ નહીં, પરંતુ સ્થાનિક વેપાર-રોજગારને પણ ખૂબ મોટો આર્થિક ફટકો પડ્યો હતો. રસ્તો બંધ થવાના કારણે ગ્રાહકોની અવરજવર બિલકુલ ઠપ થઈ ગઈ હતી. જેના પરિણામે આ વિસ્તારનું વર્ષો જૂનું શોપિંગ સેન્ટર 'સ્ટાર બજાર' પણ કાયમ માટે બંધ કરી દેવાની ફરજ પડી હતી. એક સમયે સતત ગ્રાહકોથી ધમધમતું આ લેન્ડમાર્ક લોકેશન રસ્તાના અભાવે સુમસામ બની ગયું હતું. જો કે, હવે મોડે મોડે પણ મેટ્રો સત્તાધીશો દ્વારા આ માર્ગ પરથી બેરિકેડ્સ હટાવી તેને જાહેર જનતા માટે ખુલ્લો મૂકવામાં આવતાં લોકોએ હાશકારો લીધો છે.

કેશવ ચેમ્બર્સના ફ્લેટમાં લાગેલી આગ એક કલાકે કાબૂમાં આવી

સુરતઃ શહેરનાં લાલગેટ વિસ્તારમાં આવેલી કેશવ ચેમ્બર્સમાં ચોથા માળે આવેલા એક ફ્લેટમાં શુક્રવારે રાત્રે આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગ લાગવાની ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની વિવિધ ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને લગભગ એક કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી, પરંતુ ફ્લેટમાં રહેલી ઘરવખરી અને ફર્નિચરને ભારે નુકસાન થયું છે.

મળતી માહિતી અનુસાર, કેશવ ચેમ્બર્સની ચોથી માળે ચેતના વાડિયાનો ફ્લેટ આવેલો છે. રાત્રિના સમયે ફ્લેટમાં અચાનક આગ ભભૂકી ઊઠી હતી. આગ લાગતાં જ સમગ્ર માળ અને આસપાસના વિસ્તારમાં ગાઢ ધુમાડો ફેલાઈ ગયો હતો. સ્થાનિક રહેવાસીઓએ તરત જ ફાયર કંટ્રોલ રૂમને જાણ કરી હતી. જાણ થતાં નવસારી બજાર, ગોપીપુરા, ઘાંચી શેરી સહિતના ચાર ફાયર સ્ટેશનોનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. ફાયર બ્રિગેડના જવાનોએ આગની ગંભીરતા અને ધુમાડાના પ્રમાણને ધ્યાનમાં રાખીને ખાસ સુરક્ષા સાધનોનો ઉપયોગ કર્યો હતો. ગાઢ ધુમાડાના કારણે જવાનોને બીએસએફ માસ્ક પહેરીને ફ્લેટની અંદર પ્રવેશ કરવો પડ્યો હતો.

1000થી વધુ કોળી પટેલ ઉદ્યોગપતિ એક મંચ પર

યુવકો રોજગાર સર્જે એ માટે સમાજ આગળ આવ્યો

સુરતઃ સ્પર્ધાત્મક યુગમાં યુવાનોને માત્ર રોજગાર શોધનાર નહીં પરંતુ રોજગાર સર્જનાર બનાવવા માટે કોળી પટેલ સમાજ બિઝનેશ ગૃપે ઐતિહાસિક પહેલ કરી 1000થી વધુ ઉદ્યોગસાહસિકોને એક મંચ પર લાવી હતી. આ કાર્યક્રમમાં સમાજના અગ્રણી આગેવાનો, ઉદ્યોગપતિઓ, સામાજિક કાર્યકરો તેમજ વિવિધ ક્ષેત્રના પ્રતિષ્ઠિત મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિશેષ મહેમાન તરીકે ધારાસભ્ય મુકેશભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, બિઝનેસ કોચ બસેસ ગાલા તથા બિઝનેસ કોચ તરુણ ચશ્માવાલા, સમીર દેસાઈ એ હાજરી આપી હતી. ઉપસ્થિત વક્તાઓએ સમાજના સર્વાંગી વિકાસ માટે એકતા, સહકાર અને આર્થિક સશક્તિકરણના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આજના સ્પર્ધાત્મક યુગમાં યુવાનોને માત્ર રોજગાર શોધનાર નહીં પરંતુ રોજગાર સર્જનાર બનવા માટે પ્રેરિત કરવાની જરૂર છે. આ પ્રકારના મંચો યુવા ઉદ્યોગસાહસિકોને માર્ગદર્શન, પ્રોત્સાહન અને નવી તકો પ્રદાન કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

કોળી પટેલ બિઝનેસ ગ્રુપ દ્વારા ઉભા કરાયેલા આ મંચથી નવા વ્યવસાયિક અવસરોનું સર્જન થશે, સાથે જ સમાજના ઉદ્યોગકારો વચ્ચે પરસ્પર સહયોગ અને નેટવર્કિંગ વધુ મજબૂત બનશે. કોળી પટેલ બિઝનેસ ગ્રુપની આ પહેલને સમાજના વિવિધ વર્ગો દ્વારા વ્યાપક આવકાર મળ્યો હતો અને તેને સમાજના આર્થિક વિકાસની દિશામાં એક મહત્વપૂર્ણ અને પ્રેરણાદાયક પગલું ગણાવવામાં આવ્યું હતું.

ડિંડોલીમાં રિક્ષામાંથી ૯૮ હજારનો ગાંજો ઝડપાયો

સુરતઃ ડિંડોલી પોલીસે બાતમીના આધારે ગાંજા સાથે રિક્ષા ચાલકને ઝડપી પાડ્યો હતો. ડિંડોલી પોલીસે બાતમીના આધારે સાઈ પોઈન્ટ ચાર રસ્તાથી સી.આર.પાટીલ બ્રીજ તરફ જતા ત્રણ રસ્તા પાસે, સુમુખ સર્કલ તરફ જવાના જાહેર રોડ પર વોચ ગોઠવી હતી. બાતમી મુજબની રિક્ષા નંબર GJ-05-CV-3820 દેખાતા જ તેને અટકાવી હતી. તેની તપાસ કરતાં તેમાંથી ૧.૯૬૯ કિલોગ્રામ ગાંજો (કિંમત રૂ.૯૮,૪૫૦/-) ભરેલી થેલી મળી આવી હતી. પોલીસે રિક્ષા ચાલક દિપુ છત્રપાલ સોનકર (ઉ.વ.૩૦, રહે, જલારામનગર-૩, નવાગામ, ડિંડોલી; મૂળ રહે. ચંદવારા, જી.બાંદા, ઉત્તરપ્રદેશ)ની ધરપકડ કરી હતી. આ જથ્થો તેણે નવાગામ અંબિકાનગરની જ્ઞાનભારતી સ્કુલની ગલીમાં રહેતા કુખ્યાત સપ્લાયર ભોલાભાઈ પાસેથી લીધો હોવાથી પોલીસે તેની શોધખોળ શરૂ કરી છે.

હરિપુરાના 'જી.સી.જ્વેલર્સ'નું રૂ.૬૭.૭૮ લાખમાં ઉઠમણું

ત્રણ વેપારી પાસે સોનું લઈ દાગીના નહીં બનાવી આપી ઠગાઈ કરી

સોની બજારના વેપારીઓનો સંપર્ક કરી નવી ડિઝાઈનના સોનાના દાગીના બનાવી આપવાની ઓફર આપી હતી

સુરતઃહરીપુરા રોડ પર જ્વેલરીનો વ્યવસાય કરતા એક બંગાળી દંપત્તિએ સોની બજારના ત્રણ મોટા વેપારીઓનો વિશ્વાસ જીતી, દાગીના બનાવવાની આડમાં લાખો રૂપિયાનું શુદ્ધ સોનું પડાવી લીધું હતું. દંપત્તિ મૂળ સોનું કે તૈયાર દાગીના પરત આપવાના બદલે રાતોરાત બજારમાંથી ઉઠમણું કરી ભાગી છૂટતા મહિધરપુરા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

હરીપુરા પીછરડી રોડ ખાતે 'જી. સી. જ્વેલર્સ' ના નામે મૂળ પશ્ચિમ બંગાળના નયન ઉર્ફે બિંદુ કૃષ્ણ શિલ અને તેની પત્ની દીપા શિલ જ્વેલરી બનાવવાનો ધંધો કરતા હતા. માર્ચ ૨૦૨૫ દરમિયાન આ શિલ દંપત્તિએ સોની બજારના વેપારીઓનો સંપર્ક કરી નવી ડિઝાઈનના સોનાના દાગીના બનાવી આપવાની ઓફર આપી હતી. તેમના ભરોસામાં આવીને ત્રણ વેપારીઓએ દાગીના ઘડવા માટે ૨૪ કેરેટનું શુદ્ધ સોનું આપ્યું હતું. શાતિર દંપત્તિએ પ્લાનિંગ મુજબ અલગ-અલગ વેપારીઓને શિકાર બનાવ્યા હતા, જેમાં વેપારી લલિત અગ્રવાલ પાસેથી રૂ.૪૪,૪૮,૦૦૦ ની કિંમતનું ૨૯૦ ગ્રામ૨૪ કેરેટ ગોલ્ડ લીધું હતું. તેમના મિત્ર ઉમાકાંત ગુપ્તાતા પાસેથી રૂ.૧૫,૫૦,૦૦૦ ની કિંમતનું ૧૦૦ ગ્રામ સોનું મેળવ્યું હતું.ત્રીજા વેપારી અક્ષય બેરી પાસેથી રૂ. ૭,૮૦,૦૦૦ ની કિંમતનું ૫૫ ગ્રામ સોનું લીધું હતું.આમ, દંપત્તિએ ત્રણેય વેપારીઓ પાસેથી કુલ ૪૪૫ ગ્રામ ૨૪ કેરેટ ગોલ્ડ (જેની અંદાજિત કિંમત રૂ.૬૭,૭૮,૦૦૦ થાય છે) મેળવી લીધું હતું. સોનું મેળવી લાંબો સમય વિતવા છતાં તેમણે દાગીના આપ્યા ન હતા અને વાયદા કરી સમય પસાર કર્યો હતો. ત્યારબાદ શિલ દંપત્તિ રાતોરાત ઉઠમણું કરી સુરતમાંથી ભાગી છૂટ્યું હતું.

આ છેતરપિંડી અંગે લલિત અગ્રવાલની પેઢીના કર્મચારી વિકાસ અશોકકુમાર અગ્રવાલ (રહે. રોયલ રેસિડેન્સી, આનંદમહલ રોડ, અડાજણ) એ ગતરોજ મહિધરપુરા પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. પોલીસે નયન શિલ અને તેની પત્ની દીપા શિલ વિરૂદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ

DGVCL

CIN U40102GJ2003SGC042909

બારડોલી (સં. અને નિ.) વિભાગીય કચેરી

૬૬ કે.વી.એસ.એસ. કંપાઉન્ડ, સુરત-બારડોલી રોડ, ને.હા.નં.-૬, બારડોલી-૩૯૪૬૦૧

ટોલ ફ્રી નંઃ ૧૯૧૨૩ (કે ૧૮૦૦-૨૩૩-૩૦૦૩)

વીજપુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ ૬૬ કેવી સબ-સ્ટેશનોમાંથી નીચે જણાવેલ ૧૧ કેવી ફીડરો ઉપર જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે દર્શાવેલ તારીખ અને સમય દરમિયાન વીજ પુરવઠો મળી શકશે નહીં, કામગીરી પૂરી થયે કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અ. નં	સબ સ્ટેશનનું નામ	ફીડરનું નામ	પેટા વિભાગીય કચેરી	ફોલ્ટ સેન્ટર નંબર	તારીખ	વાર	સમય
૧	માંડવી	૧૧ કેવી બડતાલ જેજીવાય	માંડવી	૮૯૮૦૮૦૩૮૬૩	૨૨.૦૬.૨૦૨૬	સોમવાર	૦૮:૩૦ થી ૧૬:૩૦
૨	માંડવી	૧૧ કેવી અંધાત્રી જેજીવાય	માંડવી	૮૯૮૦૮૦૩૮૬૩	૨૨.૦૬.૨૦૨૬	સોમવાર	૦૮:૩૦ થી ૧૬:૩૦
૩	કલકવા	૧૧ કેવી બેડા એજી	બામણીયા	૮૯૮૦૮૦૩૮૬૫	૨૨.૦૬.૨૦૨૬	સોમવાર	૦૭:૦૦ થી ૧૪:૦૦
૪	કલકવા	૧૧ કેવી સરદાર એજી	બામણીયા	૮૯૮૦૮૦૩૮૬૫	૨૨.૦૬.૨૦૨૬	સોમવાર	૦૭:૦૦ થી ૧૪:૦૦
૫	કલકવા	૧૧ કેવી કલકવા જેજીવાય	બામણીયા	૮૯૮૦૮૦૩૮૬૫	૨૨.૦૬.૨૦૨૬	સોમવાર	૦૭:૦૦ થી ૧૪:૦૦
૬	બારડોલી	૧૧ કેવી બબેન જેજીવાય	બારડોલી ગ્રામ્ય	૮૯૮૦૮૦૩૮૬૧	૨૨.૦૬.૨૦૨૬	સોમવાર	૦૯:૦૦ થી ૧૬:૦૦
૭	બારડોલી	૧૧ કેવી ધમદોડ-લૂમભા એજી	બારડોલી ગ્રામ્ય	૮૯૮૦૮૦૩૮૬૧	૨૨.૦૬.૨૦૨૬	સોમવાર	૦૯:૦૦ થી ૧૬:૦૦
૮	બારડોલી	૧૧ કેવી ઉમરાખ એજી	બારડોલી ગ્રામ્ય	૮૯૮૦૮૦૩૮૬૧	૨૨.૦૬.૨૦૨૬	સોમવાર	૦૯:૦૦ થી ૧૬:૦૦
૯	ઉમરખડી	૧૧ કેવી લીમધા જેજીવાય	ઉમરખડી	૬૩૫૭૦૭૯૮૨	૨૨.૦૬.૨૦૨૬	સોમવાર	૦૮:૦૦ થી ૧૩:૦૦
૧૦	ઉમરખડી	૧૧ કેવી તારાપોર એજી	ઉમરખડી	૬૩૫૭૦૭૯૮૨	૨૨.૦૬.૨૦૨૬	સોમવાર	૦૮:૦૦ થી ૧૩:૦૦
૧૧	ગોદાવડી	૧૧ કેવી નંદપોર એજી	અરેઠ	૮૯૮૦૮૦૩૮૬૬	૨૩.૦૬.૨૦૨૬	મંગળવાર	૦૮:૦૦ થી ૧૬:૦૦
૧૨	કસાલ	૧૧ કેવી પીપરીયા જેજીવાય	અરેઠ	૮૯૮૦૮૦૩૮૬૬	૨૩.૦૬.૨૦૨૬	મંગળવાર	૦૮:૦૦ થી ૧૬:૦૦
૧૩	બારડોલી	૧૧ કેવી સોયણી જેજીવાય	બારડોલી ગ્રામ્ય	૮૯૮૦૮૦૩૮૬૧	૨૩.૦૬.૨૦૨૬	મંગળવાર	૦૯:૦૦ થી ૧૬:૦૦
૧૪	બારડોલી	૧૧ કેવી જેતપુર એજી	બારડોલી ગ્રામ્ય	૮૯૮૦૮૦૩૮૬૧	૨૩.૦૬.૨૦૨૬	મંગળવાર	૦૯:૦૦ થી ૧૬:૦૦
૧૫	બેઢા	૧૧ કેવી કરુઠા જેજીવાય	માંડવી	૮૯૮૦૮૦૩૮૬૩	૨૩.૦૬.૨૦૨૬	મંગળવાર	૦૮:૩૦ થી ૧૬:૩૦
૧૬	બેઢા	૧૧ કેવી સિંગલવાણ એજી	માંડવી	૮૯૮૦૮૦૩૮૬૩	૨૩.૦૬.૨૦૨૬	મંગળવાર	૦૮:૩૦ થી ૧૬:૩૦
૧૭	માણેકપોર	૧૧ કેવી રામકબીર જેજીવાય	મઢી	૮૯૮૦૮૦૩૮૬૪	૨૩.૦૬.૨૦૨૬	મંગળવાર	૦૭:૦૦ થી ૧૪:૦૦
૧૮	બારડોલી	૧૧ કેવી સરદાર-ટી-૨ અર્બન	બારડોલી ટાઉન	૮૯૮૦૮૦૩૮૬૦	૨૪.૦૬.૨૦૨૬	બુધવાર	૦૭:૦૦ થી ૧૪:૦૦
૧૯	બેઢા	૧૧ કેવી કલમકુવા જેજીવાય	માંડવી	૮૯૮૦૮૦૩૮૬૩	૨૪.૦૬.૨૦૨૬	બુધવાર	૦૮:૩૦ થી ૧૬:૩૦
૨૦	બેઢા	૧૧ કેવી સરકુઇ એજી	માંડવી	૮૯૮૦૮૦૩૮૬૩	૨૪.૦૬.૨૦૨૬	બુધવાર	૦૮:૩૦ થી ૧૬:૩૦
૨૧	કલકવા	૧૧ કેવી ડુંગરી જેજીવાય	બામણીયા	૮૯૮૦૮૦૩૮૬૫	૨૪.૦૬.૨૦૨૬	બુધવાર	૦૭:૦૦ થી ૧૪:૦૦
૨૨	કલકવા	૧૧ કેવી નળધરા એજી	બામણીયા	૮૯૮૦૮૦૩૮૬૫	૨૪.૦૬.૨૦૨૬	બુધવાર	૦૭:૦૦ થી ૧૪:૦૦
૨૩	કલકવા	૧૧ કેવી અલગઢ એજી	બામણીયા	૮૯૮૦૮૦૩૮૬૫	૨૪.૦૬.૨૦૨૬	બુધવાર	૦૭:૦૦ થી ૧૪:૦૦
૨૪	કડોદ (વાવ)	૧૧ કેવી કડોદ જેજીવાય	કડોદ	૮૯૮૦૮૦૩૮૬૭	૨૪.૦૬.૨૦૨૬	બુધવાર	૦૭:૦૦ થી ૧૪:૦૦
૨૫	કડોદ (વાવ)	૧૧ કેવી મોરી એજી	કડોદ	૮૯૮૦૮૦૩૮૬૭	૨૪.૦૬.૨૦૨૬	બુધવાર	૦૭:૦૦ થી ૧૪:૦૦
૨૬	બારડોલી	૧૧ કેવી ઉમરાખ એજી	બારડોલી ગ્રામ્ય	૮૯૮૦૮૦૩૮૬૧	૨૪.૦૬.૨૦૨૬	બુધવાર	૦૯:૦૦ થી ૧૬:૦૦
૨૭	મોતા	૧૧ કેવી કારેલી જેજીવાય	બારડોલી ગ્રામ્ય	૮૯૮૦૮૦૩૮૬૧	૨૪.૦૬.૨૦૨૬	બુધવાર	૦૯:૦૦ થી ૧૬:૦૦
૨૮	માણેકપોર	૧૧ કેવી વાત્સલ્યધામ જેજીવાય	મઢી	૮૯૮૦૮૦૩૮૬૪	૨૪.૦૬.૨૦૨૬	બુધવાર	૦૮:૦૦ થી ૧૬:૦૦
૨૯	કસાલ	૧૧ કેવી ચુડેલ ઇન્ડ	અરેઠ	૮૯૮૦૮૦૩૮૬૬	૨૪.૦૬.૨૦૨૬	બુધવાર	૦૮:૦૦ થી ૧૬:૦૦
30	મહુવા	૧૧ કેવી નિહાલી જેજીવાય	મહુવા	૮૯૮૦૮૦૩૮૬૨	૨૪.૦૬.૨૦૨૬	બુધવાર	૦૭:૦૦ થી ૧૪:૦૦
૩૧	મહુવા	૧૧ કેવી ધોડિકૂઇ એજી	મહુવા	૮૯૮૦૮૦૩૮૬૨	૨૪.૦૬.૨૦૨૬	બુધવાર	૦૭:૦૦ થી ૧૪:૦૦
૩૨	તરસાડી	૧૧ કેવી ઇસરોલી જેજીવાય	બારડોલી ગ્રામ્ય	૮૯૮૦૮૦૩૮૬૧	૨૫.૦૬.૨૦૨૬	ગુરુવાર	૦૯:૦૦ થી ૧૬:૦૦
33	બારડોલી	૧૧ કેવી બમરોલી એજી	બારડોલી ગ્રામ્ય	૮૯૮૦૮૦૩૮૬૧	૨૫.૦૬.૨૦૨૬	ગુરુવાર	૦૯:૦૦ થી ૧૬:૦૦
૩૪	માંડવી	૧૧ કેવી માંડવી (ટી) અર્બન	માંડવી	૮૯૮૦૮૦૩૮૬૨	૨૫.૦૬.૨૦૨૬	ગુરુવાર	૦૮:૩૦ થી ૧૫:૩૦
૩૫	માંડવી	૧૧ કેવી જામનકુવા જેજીવાય	માંડવી	૮૯૮૦૮૦૩૮૬૩	૨૫.૦૬.૨૦૨૬	ગુરુવાર	૦૮:૩૦ થી ૧૬:૩૦
૩૬	માંડવી	૧૧ કેવી રામેશ્વર એજી	માંડવી	૮૯૮૦૮૦૩૮૬૩	૨૫.૦૬.૨૦૨૬	ગુરુવાર	૦૮:૩૦ થી ૧૬:૩૦
૩૭	માંડવી	૧૧ કેવી નાનીચેર એજી	માંડવી	૮૯૮૦૮૦૩૮૬૩	૨૫.૦૬.૨૦૨૬	ગુરુવાર	૦૮:૩૦ થી ૧૬:૩૦
૩૮	તરસાડા	૬૬ કેવી તરસાડા સબ-સ્ટેશનના તમામ ફીડર	માંડવી	૮૯૮૦૮૦૩૮૬૨	૨૫.૦૬.૨૦૨૬	ગુરુવાર	૦૮:૩૦ થી ૧૬:૩૦
૩૯	કડોદ -૨	૧૧ કેવી સુમિત ઇન્ડ	કડોદ	૮૯૮૦૮૦૩૮૬૭	૨૫.૦૬.૨૦૨૬	ગુરુવાર	૦૮:૦૦ થી ૧૬:૦૦
૪૦	કડોદ -૨	૧૧ કેવી બોલિજ ઇન્ડ	કડોદ	૮૯૮૦૮૦૩૮૬૭	૨૫.૦૬.૨૦૨૬	ગુરુવાર	૦૮:૦૦ થી ૧૬:૦૦
૪૧	કાટીસકુવા	૧૧ કેવી ધામોદલા જેજીવાય	મઢી	૮૯૮૦૮૦૩૮૬૪	૨૫.૦૬.૨૦૨૬	ગુરુવાર	૦૭:૦૦ થી ૧૪:૦૦
૪૨	કમલાપોર	૧૧ કેવી ખંજરોલી એજી	અરેઠ	૮૯૮૦૮૦૩૮૬૬	૨૫.૦૬.૨૦૨૬	ગુરુવાર	૦૮:૦૦ થી ૧૬:૦૦
૪૩	કમલાપોર	૧૧ કેવી મહાદેવ જેજીવાય	અરેઠ	૮૯૮૦૮૦૩૮૬૬	૨૫.૦૬.૨૦૨૬	ગુરુવાર	૦૮:૦૦ થી ૧૬:૦૦
૪૪	મોટી ફલોદ	૧૧ કેવી ખોજ જેજીવાય	કડોદ	૮૯૮૦૮૦૩૮૬૭	૨૬.૦૬.૨૦૨૬	શુક્રવાર	૦૭:૦૦ થી ૧૪:૦૦
૪૫	મોટી ફલોદ	૧૧ કેવી પણદા એજી	કડોદ	૮૯૮૦૮૦૩૮૬૭	૨૬.૦૬.૨૦૨૬	શુક્રવાર	૦૭:૦૦ થી ૧૪:૦૦
૪૬	ગોદાવડી	૧૧ કેવી ગામતલાવ એજી	માંડવી	૮૯૮૦૮૦૩૮૬૩	૨૬.૦૬.૨૦૨૬	શુક્રવાર	૦૮:૩૦ થી ૧૬:૩૦
૪૭	ગોદાવડી	૧૧ કેવી ગોદાવડી જેજીવાય	માંડવી	૮૯૮૦૮૦૩૮૬૩	૨૬.૦૬.૨૦૨૬	શુક્રવાર	૦૮:૩૦ થી ૧૬:૩૦
૪૮	આફવા	૧૧ કેવી અફવા જેજીવાય	બારડોલી ગ્રામ્ય	૮૯૮૦૮૦૩૮૬૧	૨૬.૦૬.૨૦૨૬	શુક્રવાર	૦૯:૦૦ થી ૧૬:૦૦
૪૯	આફવા	૧૧ કેવી પારડી એજી	બારડોલી ગ્રામ્ય	૮૯૮૦૮૦૩૮૬૧	૨૬.૦૬.૨૦૨૬	શુક્રવાર	૦૯:૦૦ થી ૧૬:૦૦
૫૦	બામણીયા	૧૧ કેવી નેવાણીયા એજી	બામણીયા	૮૯૮૦૮૦૩૮૬૫	૨૭.૦૬.૨૦૨૬	શનિવાર	૦૭:૦૦ થી ૧૪:૦૦
૫૧	બામણીયા	૧૧ કેવી બારતાડ એજી	બામણીયા	૮૯૮૦૮૦૩૮૬૫	૨૭.૦૬.૨૦૨૬	શનિવાર	૦૭:૦૦ થી ૧૪:૦૦
૫૨	બામણીયા	૧૧ કેવી કાછલ જેજીવાય	બામણીયા	૮૯૮૦૮૦૩૮૬૫	૨૭.૦૬.૨૦૨૬	શનિવાર	૦૭:૦૦ થી ૧૪:૦૦

નોંધઃ ગ્રાહક તકરાર નિવારણ સમિતિની બેઠકઃ દર મહિને ૧૦મી તારીખે વિભાગીય કચેરીએ અને ૨૦મી તારીખે વર્તુળ કચેરીએ

કાર્યપાલક ઈજનેરશ્રી (સં. અને નિ.)બારડોલી વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.

એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો